જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૦૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૮૮૯	૧૨૩	૭૬૦૧૨	૭૭૦૧૨	૧૧૭	૭૭૧૨૯
કુલ		૯૨૪૮૫	૧૨૩	૯૨૬૦૮	૧૦૧૫૩૯	૧૧૭	૧૦૧૬૫૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧	૪,૨૪,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩૮	૬,૩૮,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧૧ કેસ કરી, ૨૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૦૪/૨૦૨૨**

નારણપુરાઃ મનિષભાઇ પ્રતાપભાઇ શાહ (ઉ.વ.૪૫) (રહે. રાજુ ફલેટ ઘરડા ઘર સામે અંકુર રોડ નારણપુરા) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મનિષભાઇ શાહે શેર ખરીદ કરેલ હોઈ માહીતી મેળવવા ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ સંપર્ક કરતા મોબાઇલ નંબર ૮૩૮૮૮૬૪૪૯૫ ૯૭૧૭૪૬૫૫૫૫ અને ૮૨૧૦૮૯૧૪૧૧ ના ધારકે મનિષભાઈ શાહને ફોન કરી પે.ટી.એમ કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી શેરની માહીતી આપવા માટે મનિષભાઈ શાહના મોબાઈલ ફોનમાં સર્વેહાર્ટ નામની લીંક મોકલી જેમાં મનિષભાઈની માહીતી ભરાવડાવી રજીસ્ટ્રેશન કરવાનુ જણાવી મનિષભાઈના મોબાઈલમાં પેટીએમ હેલ્પલાઈન નામની લીંક મોકલી લીંક ઓપન કરાવી તેમા ડીજીટલ આંકડા લખવાનુ જણાવતા મનિષભાઈએ ૭૯૮૦૫ આંકડો લખતા મનિષભાનીના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ મનિષભાઈના ખાતામાંથી રૂપિયા ૭૯,૮૦૫/- ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

રખિયાલઃ રૂબીનાબાનુ ડો/ઓ સલીમુદ્દીન શેખ (ઉ.વ.૨૯) (રહે. લોખંડવાળી ચાલી નુરમહેલ હોટલની બાજુમા રખિયાલ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૦૮૩૨૭૫૫૪૧૯૨ તથા ૦૯૯૪૦૫૭૦૦૫૧ ના ધારકે રૂબિનાબાનુ શેખના મોબાઈલમાં અલગ-અલગ લીંક મોકલતા જે લીંક ઓપન કરતા રૂબીનાબહેનના ખાતામાંથી રૂપિયા ૫૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

નિકોલઃ (૧) અનિલકુમાર યોગેશભાઇ માંડલિયા (ઉ.વ.૨૭) (રહે. વૈભવ રેસીડેન્સી અબજીબાપા ગ્રીન્સ પાસે નિકોલ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ અનિલકુમાર માંડલિયાના મિતાના મોબાઈલમાં ટેક્સ મેસેજમાં મોબીક્વીક ઇ-વોલેટમાં મોબાઈલ નંબર ૮૨૨૧૮૧૪૮૨૬ ના ખાતા ધારકે ક્રેડીટ કાર્ડમાં પોઈન્ટ રિડમ કરવા લીંક મોકલતા અનિલકુમાર માંડલિયાના પિતા યોગેશભાઈ માંડલિયાએ ક્રેડીટ કાર્ડમાં પોઈન્ટ રિડમ કરવા લીંક ખોલી યોગેશભાઈ માંડલિયાના કોટક મહિન્દ્રા બેન્ક લીમીટેડ ક્રેડીટ કાર્ડની માહીતી સબમીટ કરતા યોગેશભાઈ માંડલિયાના ખાતામાંથી રૂપિયા ૧,૫૦,૦૦૦/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

નિકોલઃ (૨) અંબિકકુમાર સુરેશચન્દ્ર દરજી (ઉ.વ.૨૯) (રહે. સરીતા રેસીડેન્સી-૧ વી.આઇ.પી. સ્કુલની બાજુમાં નિકોલ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અંબિકકુમાર દરજી એ કુરીયર મંગાવેલ ન હોવા છતા તા.૧૪/૦૬/૨૦૨૧ ના રોજ અંબિકકુમાર દરજીના ઘરે ક્રેડ મોબ વોલેટ નામનુ કુરીયર અજાણી વ્યક્તિ લઈને આવતા અંબિકકુમાર દરજીએ કોઈ કુરીયર મંગાવેલ ન હોવાનુ જવાવવા છતા અજાણી વ્યક્તિએ કુરીયર ઉપર અંબિકકુમાર દરજીના નામ સરનામુ બતાવી અંબિકકુમાર દરજીને આપતા અંબિકકુમાર દરજીએ માહીતી મેળવવા ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી સંપર્ક કરતા મોબાઇલ નંબર ૭૪૦૭૨૬૬૭૯૩, ૯૧૧૬૨૭૫૧૪૫, ૮૯૬૭૮૬૧૦૮૮, ૯૭૭૫૮૨૪૩૬૫ ના ધારકે અંબિકકુમાર દરજીને ક્રેડ કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપતા અંબિકકુમાર દરજીએ કુરીયર બાબતે વાત કરતા તેઓએ જણાવેલ કે કયા કાર્ડથી ઓર્ડર થયેલ છે તે જાણવુ પડશે તેમ કહી અંબિકકુમાર દરજીના ક્રેડીટ કાર્ડના નંબર મેળવી લઈ અંબિકકુમાર દરજીના મોબાઈલમાં પ્લે સ્ટોરમાંથી ટીમ વ્યુયર નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવડાવી અંબિકકુમાર દરજીના એસ.બી.આઇ. ક્રેડીટ કાર્ડ માંથી રૂપિયા ૫૦,૭૭૪/- ક્રેડમાં ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

ઓઢવઃ (૧) પીન્ટુભાઈ રમેશભાઈ ભટાણા (ઉ.વ.૨૬) (રહે.શ્રીધર પેરેડાઈઝ સતસંગ વીલા બંગ્લોઝ સામે માધવ ચોકડી સીંગરવા ઓઢવ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક માંથી ચેક્બુક મેળવવા અરજી કરેલ હોવા છતા ચેકબુક નહી આવતા પીન્ટુભાઈ ભટાણાએ તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ આઈ.સી.આઈ.સી.આઈ.બેન્કનો કસ્ટમર કેર નંબર મેળવી સંપર્ક કરતા મોબાઈલ નંબર ૯૬૯૨૧૫૫૩૪૭ ના ધારકે પીન્ટુભાઈ ભટાણાને ફોન કરી ચેકબુક આપવાની વાત કરી પીન્ટુભાઈ ભટાણાના મોબાઈલ ફોનમાં આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક કસ્ટમર કેર લીંક મોકલી જેમાં ખાતા નંબર, મોબાઈલ નંબર નામ-સરનામાની વિગત ફોર્મમાં ભરાવી તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ પીન્ટુભાઈ ભટાણાના બેન્કના ખાતામાં રૂપિયા ૧,૯૦,૩૯૮/- લોન મંજુર કરાવી પીન્ટુભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૭૮,૯૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

ઓઢવઃ (૨) અશોકભાઈ સામંતભાઈ વિરાસ (ઉ.વ.૫૨) (રહે. મધુમાલતી ચાર માળીયા કઠવાડા ચાર રસ્તાની બાજુમા સિંગરવા) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશોકભાઈ વિરાસ એ ઓએલએક્સ એપલીકેશન ઉપર સ્પેલેન્ડર મોટર સાયકલ વેચાણ મુકી સંપર્ક નંબર ૮૧૩૪૯૪૨૫૫૦ લખેલ હતો જેથી અશોકભાઈ વિરાસ ને મોટર સાયકલ ખરીદ કરવાનુ હોઈ તા.૧૪/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૧૩૪૯૪૨૫૫૦ ઉપર સંપર્ક કરતા મોબાઈલ ધારકે આર્મીમા નોકરી કરતા હોવાની ઓળખ આપી મોટર સાયકલ વેચવાનુ જણાવી અશોકભાઈના ઘરના સરનામે મોકલી આપવાનું જણાવેલ અને બીજા દિવસે તા.૧૫/૧૨/૨૦૨૧ નારોજ મોબાઈલ નંબર ૮૪૫૩૧૩૪૬૬૨ ના ધારકે મોટર સાયકલ પૈસા મોકલવા ક્યુઆર કોર્ડ મોકલી આપતા અશોકભાઈએ રૂપિયા ૫૭,૦૦૦/- ટ્રાન્સફર કરતા આજદીન સુધી મોટર સાયકલ નહી મોકલી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

કાગડાપીઠઃ બલવીરસિંહ મહેન્દ્રસિંહ દહીયા (ઉ.વ.૨૭) (રહે. પહેલો માળ શિવલાય એપાર્ટમેન્ટ કાંકરીયા રોડ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બલવીર્સિંહ દહીયાના પત્નીએ MAMA art નામની કંપનીમાંથી ઓનલાઇન ખરીદી કરેલ હતી. તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ બલવીરસિહ દહીયાના મોબાઇલ ફોન ઉપર મોબાઇલ નંબર ૯૪૭૭૫૫૮૨૨૩ ના ધારકે ફોન કરી MAMA art માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે જે ખરીદી કરેલ તેના બદલામા તમોને કંપની તરફથી બંપર ગીફ્ટ આપવામા આવે છે. જેથી તમારે પહેલા પાંચ હજારનુ ગીફ્ટ વાઉચર ખરીદી કરવુ પડશે તેમ જણાવી મોબાઈલ નંબર ૯૪૭૭૪૮૨૪૬૪ ના ધારકે વોટસેપ નંબરમાં ગીફ્ટ વાઉચરના સ્કીમ શોટ મોકલી ખાતા નંબર આપતા બલવીરસિહ દહીયા પાસેથી ગીફ્ટ મેળવવા અલગ-અલગ પ્રોસેસ જણાવી કુલ રૂપિયા ૫૩,૦૦૬/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.કે.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૨**

શાહપુરઃ ઈર્શાદઅહેમદ રશીદઅહેમદ શેખ (રહે. બેચર સુથારનુ ડહેલુ રેંટીયાવાડી શાહપુર) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૨૬/૧૧/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અલહબીબ જવેલર્સ નામની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી રીપેંરીગમા આવેલ જુના સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

દરિયાપુરઃ અનિલકુમાર જગદીશચંદ્ર પટેલ (રહે. પાયસફ્લેટ નવરોજી હોલ પાછળ ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ દરિયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૧ સાંજના ૫/૩૦ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર સર્કલ ખાતે આવેલ ધી વિજયા બેંકનાં દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ બેંકમાં પ્રવેશ કરી બેંકની સાદી તિજોરીમાંથી કુલ રૂપિયા ૯,૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૦૬/૨૦૨૨**

ઘાટલોડીયાઃ બોડકદેવ સંદેશ પ્રેસની બાજુમા પ્લોટ નં-૭૦૫ કાચા છાપરામાં રહેતા અરવિંદભાઇ શ્રીકૃષ્ણભાઇ કુશવાહ (ઉ.વ.૨૪) (મુળવતન. ગામ-ખન્ડોલી તા-અમરતપુર જી-ફરૂખાબાદ રાજ્ય-ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૧ કલાક ૮/૪૫ વાગ્યા પહેલા ઘાટલોડીયા સુરધારા સર્કલ પાસે મેપલ ટ્રેડ બેઝમેન્ટ-૨ ખાતે ગોડાઉનના દરવાજા ઉપર આવેલ એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

નારોલઃ તેજશ રશ્મીકાંત શ્રીમાળી (ઉવ.૨૨) (રહે. ગણેશભુમી વારાહીનગરની બાજુમાં વટવા કેનાલ રોડ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.